કાર્યપાલક ઈજનેર

एक कदम स्वच्छता की ओर
SWACHH SURVEKSHAN 2021

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઝોન-બી(કનકપુર)
કનકપુર ,સુરત
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043


નં. સા.ઝોન /ટેક./આ.૭૭૫
તા. ૨૪/૧૧/૨૦૨૧

ઓનલાઇન ............................

.........................................

વિષયઃ– સુરત મહાનગરપાલિકા સાઉથ ઝોન–બી (કનકપુર) ની હદ વિસ્તારના વિવિધ રીઝર્વેશન પ્લોટ તેમજ ટી.પી.રસ્તાનો સર્વે તથા ડિમાર્કેશન ની કામગીરી કરાવવા બાબત.

મહાશય,

જય ભારત સાથે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા સાઉથ ઝોન–બી(કનકપુર)માં સમાવિષ્ટ વિસ્તારમાં ટાઉન પ્લાનીગ સ્કીમ મુજબના વિવિધ રીઝર્વેશન પ્લોટો તેમજ ટી.પી.રસ્તાઓનો ટોટલ સ્ટેશનથી સર્વે તથા ડિમાર્કેશન કરવાની કામગીરી કરવાના કામે ભાવપત્રક આપવા જો સહમત હોય તો નીચે દર્શાવેલ ભાવપત્રકમાં ભાવ ભરી નીચે સહી કરનારને <u>તા.૦૨/૧૨/૨૦૨૧</u> સુધીમાં સીલ બંધ કવર મળે તે રીતે રજુ કરશો. આવેલ ભાવ પત્રકો પૈકી કોઈ પણ અથવા બધાજ ભાવ પત્રક રદ કરવાનો સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે.

<u>ભાવપત્રક</u>

| અ.નં. | વિગત | યુનિટ | ભાવ (રૂા.) | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Topography survey work of final plot with Total station covering with Existing Boundary With Co-Ordinates and Angles, taking details of All Existing Features Like Drains, Nalas, culverts, electric/Telephonic Line, HT lines, trees, road side line & Fire line also Etc. | 1 F.P. | | |
| ૨ | Demarcation of Final Plot... | 1 F.P. | | |
| ૩ | Topography survey work of Roadline with Total station covering with Existing Boundary With Co-Ordinates and Angles, taking details of All Existing Features Like Drains, Nalas, culverts, electric/Telephonic Line, HT lines, trees, road side line & Fire line also Etc. | KM. | | |
| ૪ | Demarcation of Roadline. | KM. | | |

ભાવપત્રક સીલબંધ કવરમાં કવર ઉપર વિષયમાં જણાવેલ કામનું નામ લખી શરતોમાં જણાવેલ જરૂરી પુરાવા/કાગળો સાથે કાર્યપાલક ઇજનેરશ્રી–બી, વહીવટી ઓફિસ સાઉથ ઝોન(ઉધના),સત્યનગર, સુરત કચેરીએ <u>તા.૦૨/૧૨/૨૦૨૧</u> સુધીમાં મોકલી આપવા વિનંતી.

ઈજારદારની સહી તેમજ સિક્કો

SD/-
કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન–બી(કનકપુર)
સુરત મહાનગરપાલિકા

# શરતો

(૧) ઉપરોક્ત ભરવામાં આવેલ ભાવો એક વર્ષ સુધી અમલમાં રહેશે.

(૨) સદરહુ ભાવપત્રકમાં ભરવામાં આવેલ ભાવ પત્રક પ્રમાણે મહતમ રૂા.૧૫,૦૦,૦૦૦/–(પંદર લાખ)ની મયાર્દા સુધી જ કામગીરી સોંપવામાં આવશે.

(૩) ઇજારદાર દ્વારા અગાઉ આ પ્રકારની કામગીરીના સરકારી/ અર્ધ સરકારી અનુભવી કામોના સર્ટિફિકેટ તથા આ પ્રકારની કામગીરીના સરકારી/ અર્ધ સરકારી પ્રગતિ હેઠળના કામોના વર્કઓર્ડરની નકલ રજુ કરવાની રહેશે.

(૪) ઇજારદાર દ્વારા રૂા.૧૫,૦૦૦/– ની બાનાની રકમનો 'કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા' ના નામનો ડિમાન્ડ ડ્રાફટ ભરવાનો રહેશે.(E.M.D)

(૫) મંજુર ટેન્ડર રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/– ના ૨% પ્રમાણે સીકયોરીટીના નાણાં રૂા.૩૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) રોકડામાં જમા કરાવવાની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો સીકયોરીટી ડીપોઝીટના ૦.૦૬૫% પ્રતિ દિવસ પેન્લટી વસુલ લેવામાં આવશે જેની નોંધ લેશો.

(૬) કરારનામા માટે રૂા. ૩૦૦/– વતા રૂા.૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયનાં સ્ટેમ્પ પેપર રજુ કરી કરારનામું રજુ કરવા પ્રબંધ કરશો.

(૭) ટેન્ડર રકમનાં ૨૦% પ્રમાણે જામીનગીરી આપવા માટે રૂા.૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર રજુ કરી જામીનગીરી આપવા પ્રબંધ કરશો.

(૮) સુરત મહાનગરપાલિકાના પ્રર્વતમાન નિયમ મુજબ ટેક્ષ કાપવામાં આવશે.

(૯) સરકારશ્રીના નિતી નિયમોનુસાર જરૂરી પ્રોવીડન્ડ ફંડ નંબર લેવાનો રહેશે.

(૧૦) કામગીરી માટે સુરત મહાનગરપાલિકાનાં પ્રતિનીધી દ્વારા જયારે જરૂર જણાય ત્યારે સુચના અનુસાર જરૂરી મેનપાવર/મશીનરી,સુચવેલ સ્થળે આપવામાં આવેલ સમયે અચુક હાજર થવાનું રહેશે.

(૧૧) આ કામગીરી માટે રોકવામાં આવનાર તમામ કર્મચારીઓ/કામદારોના સલામતીના સાધનો જેવા કે હેલમેટ/બુટ/જેકેટ વિગેરે ઈજારાદારે સ્વખર્ચે પુરા પાડવાના રહેશે.

(૧૨) મહાનગરપાલિકાને જયારે જયારે અસાધારણ સંજોગો ઉભા થાય ત્યારે સુચવેલ સમયે/સ્થળે જરૂરી મેનપાવર/મશીનરી સહિત અચુક હાજર થવાનું રહેશે. જો નિયત સમયે હાજર રહેવામાં ન આવે અથવા અપુરતા મેનપાવર/મશીનરી લેવાની જરૂરીયાત ઉભી થાય તો અન્ય સ્ત્રોતમાંથી સુરત મહાનગરપાલિકા વ્યવસ્થા કરી કામગીરી પુરી પાડશે અને તે અંગે થનાર વધારાનો ખર્ચ ઈજારાદાર પાસેથી વસલુ લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૧૩) સ્થળ ઉપર કામગીરી દરમ્યાન કોઇ અકસ્માત દરમ્યાન કર્મચારીઓ/કામદારોને કોઇ ઇજા કે નુકસાન થશે તેની સંપુર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.